DAY — 14 SEAT NUMBER | | | | | | |

2025	III	01	1500	J-356	(G)

ECONOMICS (49)

Time : 3 Hrs. **(7 Pages)** **Max. Marks : 80**

સૂચનાઓ : *(૧) બધા પ્રશ્નો ફરજિયાત છે.*

(૨) જરૂર હોય ત્યાં યોગ્ય કોષ્ટક/આકૃતિ દોરો.

(૩) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

(૪) નવા પ્રશ્નોના ઉત્તર નવા પાના પરથી શરૂ કરો.

પ્ર. ૧. (અ) આર્થિક સંકલ્પના ઓળખો : (૫) **[૨૦]**

(i) ખરીદ શક્તિ અને લેવાની તૈયારીનું પીઠબળ વાળી ઇચ્છા એટલે કે

(ii) થાપણ કે જે માંગ પર ઉપાડી શકાય છે.

(iii) ઉત્પાદનની પ્રક્રિયામાં તેમના ઉપયોગને કારણે મૂડી સંપત્તિમાં થતો ઘસારો.

(iv) કિંમતમાં થયેલ ટકાવારી ફેરફાર અને તેના કારણે માંગમાં થયેલ ટકાવારી ફેરફાર હોય તો તેને કારણે નિર્માણ થતી મૂલ્ય સાપેક્ષતા.

(v) એક ચોક્કસ સમયમાં દેશની નિકાસ અને આયાતના મૂલ્યનો તફાવત

(બ) સહસંબંધ સ્પષ્ટ કરો : (૫)

(i) આંતરિક વ્યાપાર : ગૃહ વ્યાપાર : : આંતરરાષ્ટ્રીય વ્યાપાર : ☐

(ii) ભિન્ન કિંમત (Discriminated prices) : ☐ : : એકજ કિંમત : પૂર્ણ હરિફાઇ

(iii) ☐ : કેન્દ્રિય બેંક : : SBI : વ્યાપારી બેંક

(iv) ઉત્પાદન પદ્ધતિ : ☐ : : આવક પદ્ધતિ : ઘટક પદ્ધતિ

(v) ફુગાવાનો સમય : અધિશેષ અંદાજપત્ર : : મંદીનો સમય : ☐

(ક) વિસંગત ઓળખો : (૫)

(i)ટકાઉ વસ્તુ - ફર્નિચર, કબાટ, વોશિંગ મશીન, માછલી

(ii) ખર્ચ સંકલ્પના - કુલ ખર્ચ, સરાસરી ખર્ચ, સીમાંત ખર્ચ, વેંચાણ ખર્ચ

(iii) કાયદાકીય ઈજારાશાહી - પેટેન્ટ, OPEC, કૉપીરાઇટ, ટ્રેડમાર્ક

(iv) આર્થિક કલ્યાણનો સિદ્ધાંત - આવક અને રોજગારીનો સિદ્ધાંત (નિયમ), ઉત્પાદનની કાર્યક્ષમતા, વપરાશની કાર્યક્ષમતા, કુલ આર્થિક કાર્યક્ષમતા

(v) માંગના નિયમના અપવાદો - ગિફેન પેરાડોક્સ (વિરોધાભાસ), પ્રતિષ્ઠાવાળી વસ્તુઓ, કિંમત અજ્ઞાનતા, શ્રમનો પુરવઠો

(ડ) નીચેના વિધાનો પૂર્ણ કરો : (૫)

(i)સૂક્ષ્મ અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો ખ્યાલ નોર્વેજીયન અર્થશાસ્ત્રીએ આપ્યો તે ..... છે.

(અ) એડમ સ્મિથ

(બ) જે.એમ. કેઈન્સ

(ક) જે.બી.સે

(ડ) રેગ્નર ફ્રિશ

(ii) જ્યારે પુરવઠાની રેખા ઉપર તરફ જાય, ત્યારે તેનો ઢોળાવ ..... હોય છે.

(અ) ધન

(બ) ઋણ

(ક) પ્રથમ ધન ત્યાર બાદ ઋણ

(ડ) શૂન્ય

(iii) કિંમત સૂચકઆંકનો ઉપયોગ ..... થાય છે.

(અ) વસ્તુના ભાવમાં સામાન્ય બદલાવની ગણતરી માટે

(બ) એક ભૌગોલિક સાધન તરીકે

(ક) હવાના દબાણની ગણતરી માટે

(ડ) વસ્તુની ગણતરી માટે

(iv) વિકાસ નાણાંકિય સંસ્થાની સ્થાપના કરવામાં આવી કારણ કે તે .....

(અ) ટૂંકા ગાળાની નિધિ ઉપલબ્ધ કરી આપે છે.

(બ) ઉદ્યોગ, કૃષિ અને બીજા અગત્યના ક્ષેત્રોનો વિકાસ કરે છે.

(ક) નાણાં બજારનું નિયમન (regulate) કરે છે.

(ડ) મૂડી બજારનું નિયમન કરે છે.

(v) સરકારના ફરજિયાત કાર્યોમાં આવે છે. .....

(અ) શિક્ષણ અને આરોગ્ય સેવા માટે સવલત

(બ) પેન્શનની જોગવાઇ

(ક) અંતર્ગત (આંતરિક) કાયદા અને સુવ્યવસ્થા

(ડ) કલ્યાણકારી યોજનાની જોગવાઇ

પ્ર. ૨. (અ) સંકલ્પના ઓળખી સ્પષ્ટ કરો.(કોઈપણ <u>ત્રણ</u>) : (૬) **[૧૨]**

(i) અભિજીતે ૧૫ ખુરશીનું વેંચાણ ₹ ૩૦૦૦ માં કર્યું. તેને એકના વેંચાણ પર ₹ ૨૦૦ મળ્યા.

(ii) રાજારામે તેના ખેતરમાં ૨૫ ક્વિન્ટલ ઘઉંનું ઉત્પાદન કર્યું. તેમાંથી તેના સ્વ-વપરાશ (પોતાના વપરાશ) માટે ૨ ક્વિન્ટલ ઘઉં રાખ્યા.

(iii) રાણીએ પોતાના અભ્યાસના હેતુ માટે ભારતની રાષ્ટ્રીય આવકનાં આંકડા ભેગા કર્યા.

(iv) અમરે ચા ની ઇચ્છા પૂરી કરવા માટે દૂધ, સાકર અને ચા પાવડરની સંયુક્ત માંગ કરી.

(v) સુનીતા મેડમે પોતાની કાળા પાટિયા પર લખવા માટેની ઇચ્છા ચૉકનો ઉપયોગ કરીને પૂરી કરી.

(બ) તફાવત સ્પષ્ટ કરો (કોઈપણ <u>ત્રણ</u>) : (૬)

(i) સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

(ii) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ અને સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ

(iii) સંખ્યાત્મક સૂચકઆંક અને મૂલ્ય સૂચકઆંક

(iv) આંતરિક કર્જ અને બાહ્ય કર્જ

(v) પુરવઠામાં વિસ્તાર અને પુરવઠામાં વધારો

પ્ર. ૩. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો (કોઈપણ <u>ત્રણ</u>) : **[૧૨]**

(i) સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રની કોઇપણ ચાર લાક્ષણિકતાઓ સમજાવો.

(ii) વ્યાપારી બેંકના કાર્યો સમજાવો.

(iii) સમયના આધારે બજારના પ્રકાર જણાવો.

(iv) નીચેના આંકડાને આધારે કિંમત સૂચકઆંક શોધો.

વસ્તુ	A	B	C	D
2005 ની કિંમત(₹)	6	16	24	4
2010 ની કિંમત(₹)	8	18	28	6

(v) ભારતમાં વિદેશ વ્યાપારનાં ફાળાનાં ચાર મુદ્દાઓ સમજાવો.

પ્ર. ૪. નીચે આપેલા વિધાનો સાથે સહમત છો કે અસહમત તે કારણ આપી સમજાવો (કોઈપણ ત્રણ) : **[૧૨]**

(i) માંગ રેખા ડાબેથી જમણે નીચે તરફ જાય છે.

(ii) સૂચકઆંકની કોઈ મર્યાદાઓ નથી.

(iii) માંગની મૂલ્યસાપેક્ષતા ઘણા પરિબળો પર આધાર રાખે છે.

(iv) પુરવઠાનાં નિયમનાં થોડા અપવાદો છે.

(v) ભારતીય અર્થતંત્રમાં મૂડીબજાર મહત્ત્વનો ફાળો ભજવે છે.

પ્ર. ૫. નીચે આપેલા કોષ્ટક, આકૃતિ અને ઉતારાને આધારે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો (કોઈપણ બે) : **[૮]**

(i) કોષ્ટકનું નિરીક્ષણ કરી પ્રશ્નોના ઉત્તર આપો : (૪)

માંગ (કિલોગ્રામ)				
કિંમત (એક કિ. ગ્રા. ની) (₹માં)	ગ્રાહક A	ગ્રાહક B	ગ્રાહક C	બજાર માંગ (કિલોગ્રામ) (A+B+C)
35	5	10	15	
30	10	15	20	
25	15	20	25	
20	20	25	30	

પ્રશ્નો :

(અ) ઉપરોક્ત બજાર માંગ કોષ્ટક પૂર્ણ કરો. (૨)

(બ) ઉપરોક્ત આંકડા પરથી બજાર માંગ રેખા તૈયાર કરો. (૨)

(ii) નીચેની બીન રેખીય (non-linear) માંગ રેખાનું નિરીક્ષણ કરી

આપેલા પ્રશ્નોના જવાબ આપો : વસ્તુની કિંમત વસ્તુઓની માંગ (૪)



(૧) જો EB = EA (Ed = 1) = ... (૧)

(૨) જો EB > EA (Ed > 1) = ... (૧)

(૩) જો EB < EA (Ed < 1) = ... (૧)

(૪) 'x' ધરી પર વસ્તુઓનું ..... દર્શાવવામાં આવ્યું છે અને

'y' ધરી પર વસ્તુઓનું ..... દર્શાવવામાં આવ્યું છે. (૧)

(iii) નિયંત્રિત બજાર : (૪)

નિયંત્રિત બજાર એ એવું જથ્થાબંધ બજાર છે જ્યાં ખરીદી અને વેંચાણ ઉપર રાજ્ય સરકાર બજાર સમિતિ દ્વારા નિયંત્રણ રાખવામાં આવે છે.

નિયંત્રિત બજારનો મુખ્ય હેતુ વેચનાર અને ઉત્પાદકને વિવિધ સુવિધા ઉપલબ્ધ કરી આપવી અને બજારની અનૈતિક પ્રથા અને અપ્રમાણિકપણું

વગેરેનું પ્રમાણ ઓછું કરવું છે. મુખ્યત્વે કૃષિ વિપણન બજારમાં પ્રાથમિક અને દ્વિતીય બજારનું ઓછી ગુણવત્તા (મુશ્કેલીઓ)માં સમાવેશ થાય છે - રોકડ વ્યાપાર, ઓછું વજન, વધારે બજાર શુલ્ક (charges), અનઅધિકૃત કપાત અને વેચનાર અને ગ્રાહકના ઝગડાને (વાદવિવાદ) દૂર કરનારી યંત્રણાનો અભાવ. આ બધી મુશ્કેલીઓ અને દોષોને દૂર કરવા માટે જ નિયંત્રિત બજારની સ્થાપના થઈ.

બોમ્બે એગ્રીકલ્ચરલ પ્રોડક્ટ માર્કેટ એક્ટ - 1939 (Bombay Agricultural product market Act - 1939) અનુસાર આ બજારો નિયંત્રિત કરવામાં આવે છે. આ બજારોમાં મુખ્યત્વે અનાજ, દાળો, ફળ, તંબાકુ, કપાસ, ભોયસીંગ, નાળિયર, સોપારી, બટાકા અને હળદર વગેરેના વ્યાપારને નિયંત્રિત કરવામાં આવે છે.

પ્રશ્નો :

(૧) કયા એક્ટનુસાર (કાયદાનુસાર) બજાર નિયંત્રિત કરવામાં આવે છે ? (૧)

(૨) પ્રાથમિક અને દ્વિતીય બજારની મુશ્કેલીઓ કઈ-કઈ છે ? (૧)

(૩) ઉપરનાં ઉતારા માટે તમારો મત વ્યક્ત કરો. (૨)

પ્ર. ૬. નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો (કોઈપણ <u>બે</u>) : **[૧૬]**

(i) ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ તેની ધારણાઓ સાથે સમજાવો.

(ii) રાષ્ટ્રીય આવકની સંકલ્પના સ્પષ્ટ કરી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

(iii) સરકારના સાર્વજનિક ખર્ચના વધારાના કારણો સમજાવો.

◆◆◆